# GSSSB CBRT Adv 378 CCE 2026

| | |
|---|---|
| Test Date | 26/09/2026 |
| Test Time | 9:00 AM - 11:00 AM |
| Subject | 378 Combined Competitive Examination |

Section : **English**

**Q.1** **"Why was he arrested?" નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?**

Ans
- ✗ 1. તેની ધરપકડ કોણે કરી?
- ✓ 2. તેની ધરપકડ શા માટે કરવામાં આવી?
- ✗ 3. તેની ધરપકડ ક્યારે કરવામાં આવી?
- ✗ 4. તેની ધરપકડ કરવામાં આવશે?

**Q.2** **Choose the sentence that is correctly written in the passive voice.**

Ans
- ✗ 1. The volunteers distributed food packets to the villagers.
- ✗ 2. The captain led the team confidently onto the field.
- ✓ 3. The annual report was published by the committee last month.
- ✗ 4. The students completed the project before the deadline.

**Q.3** **Select the correct one-word substitution for “an uncontrollable or excessive desire for traveling from place to place.”**

Ans
- ✗ 1. Pyromania
- ✓ 2. Dromomania
- ✗ 3. Egomania
- ✗ 4. Kleptomania

**Q.4** **Select the most appropriate option to fill in the blank.**
**The chairman said, "The board _______ reviewed three proposals before arriving at this decision, and all members are satisfied."**

Ans
- ✓ 1. has
- ✗ 2. should
- ✗ 3. have
- ✗ 4. had been

**Q.5** **Select the option that correctly revises the following sentence.**
**After finishing my assignment, I returned book that you had lent me from your personal library.**

Ans
- ✗ 1. After finishing my assignment, I returned a book that you had lent me from your personal library.
- ✗ 2. After finishing my assignment, I returned an book that you had lent me from your personal library.
- ✓ 3. After finishing my assignment, I returned the book that you had lent me from your personal library.
- ✗ 4. After finishing my assignment, I returned books that you had lent me from your personal library.

**Q.6** **Choose the most appropriate option to complete the sentence:**
**After the guests ____, the staff ____ the hall for the next event, ensuring every detail was perfect.**

Ans
- ✗ 1. leaves, preparing
- ✗ 2. leave, prepares
- ✓ 3. had left, prepared
- ✗ 4. were leaving, preparing

Q.7 **Select the most appropriate proverb to correctly replace the underlined part of the given sentence and match the context.**

**She wanted to buy a dress in case someone asked her to the dance, but I told her that <u>two wrongs don't make a right</u>.**

Ans
- ✗ 1. charity begins at home
- ✗ 2. the grass is always greener on the other side
- ✓ 3. she should not to count her chickens before they hatched
- ✗ 4. birds of a feather flock together

Q.8 **Select the synonym for the bold word in the sentence:**
**The firefighter was brave during the rescue.**

Ans
- ✓ 1. courageous
- ✗ 2. craven
- ✗ 3. timid
- ✗ 4. nervous

Q.9 **Select the option that will improve the underlined part of the given sentence. In case no improvement is needed, select 'No improvement required'**
**This bike is certainly better, but it's much more <u>expensive</u>.**

Ans
- ✓ 1. No improvement required
- ✗ 2. expensing
- ✗ 3. expense
- ✗ 4. expensed

Q.10 **Choose the option that shows another meaning of the bold word given in the sentence.**
**He wrote a novel about his travels.**

Ans
- ✗ 1. an account of a person's life written by someone else
- ✓ 2. something new, original, or unusual in an interesting way
- ✗ 3. an account of imaginary or real events
- ✗ 4. the original version of a written work

Q.11 **Keeping the first segment (1) fixed, arrange the rest of the segments (PQRS) in the correct order to form a meaningful and coherent sentence.**
**1. In the quiet hours**
**(P) to piece together the fragments**
**(Q) of a memory I had long forgotten**
**(R) my mind drifted back**
**(S) through the fading shadows**

Ans
- ✗ 1. R–P–Q–S
- ✗ 2. S–P–Q–R
- ✗ 3. P–Q–R–S
- ✓ 4. R–S–P–Q

Q.12 **Select the most appropriate option to substitute the underlined word segment in the given sentence.**

**Flopsy has a lisp, which makes her painfully self-conscious and kind of <u>angry at the unfairness of it</u> at the same time.**

Ans
- ✗ 1. ingenious
- ✗ 2. ignorant
- ✓ 3. indignant
- ✗ 4. indigenous

**Q.13** **Convert the sentence into the Future Continuous tense:**
**The chef prepares a five-course meal for the guests.**

**Ans**
- ✔ 1. The chef will be preparing a five-course meal for the guests.
- ✘ 2. The chef will prepare a five-course meal for the guests.
- ✘ 3. The chef will have prepared a five-course meal for the guests.
- ✘ 4. The chef will have been preparing a five-course meal for the guests.

**Q.14** **Convert the given sentence into the Future Perfect tense.**

**The global population rises significantly before the turn of the century.**

**Ans**
- ✘ 1. The global population will have rised significantly before the turn of the century.
- ✘ 2. The global population will be rising significantly before the turn of the century.
- ✔ 3. The global population will have risen significantly before the turn of the century.
- ✘ 4. The global population will rise significantly before the turn of the century.

**Q.15** **Transform the simple sentence into a compound sentence.**
**He studied hard to pass the exam.**

**Ans**
- ✘ 1. Studying hard, he passed the exam.
- ✘ 2. He studied hard in order to pass the exam.
- ✘ 3. Because he studied hard, he passed the exam.
- ✔ 4. He studied hard, so he passed the exam.

Section : **Gujarati**

**Q.16** **નીચેનામાંથી સંજ્ઞા સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો:**

**Ans**
- ✘ 1. જ્ઞાન પ્રવચન આપે છે.
- ✘ 2. દૂધ અંદર રાખવામાં આવ્યું છે.
- ✘ 3. તે પોતાના ઘર તરફ રવાના થયો.
- ✔ 4. આ નકશામાં ભારત દેશ દર્શાવેલો છે.

**Q.17** **નીચેનામાંથી કક્કાવારી (શબ્દકોશ)ના ક્રમ મુજબ સાચો વિકલ્પ કયો છે?**

**Ans**
- ✘ 1. ક્ષત્રિય, કાંચન, કમળ, કોયલ
- ✘ 2. કમળ, કોયલ, કાંચન, ક્ષત્રિય
- ✘ 3. કાંચન, કમળ, કોયલ, ક્ષત્રિય
- ✔ 4. કમળ, કાંચન, કોયલ, ક્ષત્રિય

**Q.18** **જો કોઈ શબ્દમાં વ્યંજન પછી તરત જ સ્વર ન આવે અને બીજો વ્યંજન આવે તો તે શું બને છે?**

**Ans**
- ✔ 1. જોડાક્ષર / સંયુક્ત અક્ષર
- ✘ 2. વિસર્ગ
- ✘ 3. શુદ્ધ સ્વર
- ✘ 4. અનુસ્વાર

**Q.19** **'નિરક્ષર' શબ્દનો સમાસ ઓળખાવો.**

**Ans**
- ✘ 1. તત્પુરુષ
- ✔ 2. બહુવ્રીહિ
- ✘ 3. દ્વંદ્વ
- ✘ 4. કર્મધારય

Q.20 'ન્ + ઔ'નું અક્ષરરૂપ કયું છે?

Ans
✗ 1. નૈ
✗ 2. ને
✗ 3. નો
✓ 4. નૌ

Q.21 નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.

Ans
✗ 1. શું તમે ક્યારેય કચ્છના સફેદ રણનો સુંદર સૂર્યોદય જોયો છે.
✗ 2. શું, તમે ક્યારેય કચ્છના સફેદ રણનો સુંદર સૂર્યોદય જોયો છે?
✓ 3. શું તમે ક્યારેય કચ્છના સફેદ રણનો સુંદર સૂર્યોદય જોયો છે?
✗ 4. શું તમે ક્યારેય કચ્છના સફેદ રણનો સુંદર સૂર્યોદય જોયો છે!

Q.22 'થોડું' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

Ans
✗ 1. પુષ્કળ
✓ 2. અલ્પ
✗ 3. વધારે
✗ 4. વિશાળ

Q.23 આપેલ વિકલ્પમાંથી કયું કર્તરિ વાક્ય નથી?

Ans
✗ 1. હું છેક સુધી દોડ્યો
✗ 2. મેં એને બોલાવ્યો હતો
✗ 3. હું સોમવારે આવીશ
✓ 4. તમારાથી સોમવારે અવાશે?

Q.24 આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો : કૃપા કરીને મને આ ગણિતનો દાખલો સમજાવો.

Ans
✗ 1. Please explains this math problem to me.
✓ 2. Please explain this math problem to me.
✗ 3. Please explained this math problem to me.
✗ 4. Please explain this math problem to I.

Q.25 'હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા' કહેવતનો અર્થ શું છે?

Ans
✗ 1. ગુસ્સો કરવો જોઈએ.
✗ 2. આરામ કરવો જોઈએ.
✗ 3. બીજાનું નુકસાન કરવું.
✓ 4. ચિંતા કરવા કરતાં કાર્ય કરવું સારું.

Q.26 અલંકાર ઓળખાવો: સિદ્ધાર્થ એટલે સાક્ષાત દાનવીર કર્ણ!

Ans
✗ 1. ઉપમા અલંકાર
✗ 2. વ્યતિરેક અલંકાર
✗ 3. આંતરપ્રાસ અલંકાર
✓ 4. રૂપક અલંકાર

Q.27 "પરીક્ષણ" શબ્દનો સાચો અંગ્રેજી શબ્દ કયો છે?

Ans
✗ 1. Avoidance
✗ 2. Ignorance
✓ 3. Evaluation
✗ 4. Skip

Q.28 'સુધાકર' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

Ans
✗ 1. તારો
✗ 2. સૂર્ય
✓ 3. ચંદ્ર
✗ 4. અગ્નિ

Q.29 સાચી જોડણીવાળું વાક્ય શોધો:

Ans
✓ 1. શિષ્યવૃત્તિ મળતાં જ વિદ્યાર્થીનો ઉત્સાહ બમણો થઈ ગયો.
✗ 2. શિષ્યવૃત્તિ મળતાં જ વિધાર્થીનો ઉત્સાહ બમણો થઈ ગયો.
✗ 3. સીષ્યવૃત્તિ મળતાં જ વિદ્યાર્થીનો ઉત્સાહ બમણો થઈ ગયો.
✗ 4. શિષ્યવૃતિ મળતાં જ વિધાર્થીનો ઉત્સાહ બમણો થઈ ગયો.

Q.30 મેં પ્રેમમાં તડફતાં મમ શાંતિ ખોઈ : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

Ans
✓ 1. વસંતતિલકા
✗ 2. માલિની
✗ 3. શિખરિણી
✗ 4. મંદાક્રાન્તા

Section : **General Awareness and Current Affairs**

Q.31 ટિળકે લોકોને રાજકીય રીતે જાગૃત અને સંગઠિત કરવા માટે કયા જાહેર ઉત્સવોની શરૂઆત કરી હતી?

Ans
✗ 1. વૈશાખી અને પોંગલ
✗ 2.
રથયાત્રા અને જન્માષ્ટમી
✗ 3.
દુર્ગા પૂજા અને હોળી
✓ 4.
ગણપતિ ઉત્સવ અને શિવાજી ઉત્સવ

Q.32 સપાટ સ્ટ્રક્ચર (flat structure) ધરાવતા કેટલાક મંદિરો સાથે કઈ સ્થાપત્ય કળાની વિશેષતા (architectural feature) સંકળાયેલી છે?

Ans
✗ 1. મંદિરના શિખર (temple pinnacle) તરફ દોરી જતી સીડીઓ/ પગથિયાં
✗ 2. મંદિરની સંરચનાને (માળખાને) ટેકો આપતો એક ઊંચો ઓટલો/ પીઠિકા (raised pedestal)
✓ 3. ગર્ભગૃહની ફરતે એક પ્રદક્ષિણા પથ
✗ 4. એક ઊંચા ઓટલા/ પીઠિકાની ઉપર તરફ ઉભરી આવતું (વધતું) શિખર (pinnacle)

Q.33 કયા સ્વરૂપના પશુપાલનમાં બેઠાડુ જીવન જીવ્યા વિના મોસમી સ્થળાંતર કરવામાં આવે છે - જેમ કે શિયાળામાં ઉપરના પર્વત ઢોળાવથી તળેટીમાં કરવામાં આવતું સ્થળાંતર?

Ans
✗ 1. ફેક્ટરી ફાર્મિંગ
✗ 2. વ્યાપારિક પશુપાલન
✓ 3. વિચરતું (અસ્થાયી) પશુપાલન
✗ 4. ડેરી ફાર્મિંગ

Q.34 એક ધાતુની પટ્ટીને અન્ય ધાતુના ક્ષાર ધરાવતા દ્રાવણમાં મૂકવામાં આવે છે. જો પટ્ટી પર ધાતુ જમા થાય (પડ ચઢે), તો એ શું સૂચવે છે?

Ans
✗ 1. આ પરિસ્થિતિમાં બંને ધાતુઓની પ્રક્રિયાશીલતા સમાન છે.
✓ 2. ધાતુની પટ્ટી, ક્ષારના દ્રાવણમાં રહેલી ધાતુ કરતા વધુ પ્રક્રિયાશીલ છે
✗ 3. ફેરફારનું કારણ એ છે કે ક્ષારના દ્રાવણમાં અધાતુ રહેલી છે.
✗ 4. ક્ષારનું દ્રાવણ ધાતુની પટ્ટી કરતાં વધુ પ્રક્રિયાશીલ હોય છે.

**Q.35** **ISSF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ 2026 ક્યાં યોજાઈ હતી?**

Ans
❌ 1. બર્લિન, જર્મની
❌ 2. મ્યૂનિક, જર્મની
✅ 3. સુહલ, જર્મની
❌ 4. ફ્રેન્કફર્ટ, જર્મની

**Q.36** **સમાજવાદી અર્થતંત્રમાં આરોગ્ય સંભાળ ઘણીવાર વિનામૂલ્યે કેમ પૂરી પાડવામાં આવે છે તે કયો સિદ્ધાંત સમજાવે છે ?**

Ans
❌ 1. આવશ્યક સેવાઓની ફાળવણી બજારની માંગ દ્વારા કરવામાં આવે છે.
❌ 2. આવશ્યક સેવાઓ માટે મુખ્યત્વે સખાવતી જૂથો દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે.
✅ 3. આવશ્યક સેવાઓનું વિતરણ સામાજિક જરૂરિયાત મુજબ કરવામાં આવે છે.
❌ 4. આવશ્યક સેવાઓ આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ દ્વારા નક્કી કરવામાં આવે છે.

**Q.37** **નીચેનામાંથી કયું ટીન્ડલ અસર (Tyndall effect) નું શ્રેષ્ઠ ઉદાહરણ છે?**

Ans
❌ 1. ખુલ્લામાં સૂર્યપ્રકાશને પરાવર્તિત કરતો અરીસો
✅ 2. ગાઢ ધુમ્મસમાં કારની હેડલાઇટ
❌ 3. હળવા વરસાદ પછી જોવા મળતું મેઘધનુષ્ય
❌ 4. અપારદર્શક પદાર્થ દ્વારા રચાતો પડછાયો

**Q.38** **એન. રાજમ (N. Rajam) ને કયા ક્ષેત્રમાં પદ્મ વિભૂષણ 2026 મળ્યો?**

Ans
❌ 1. જાહેર બાબતો
✅ 2. કલા
❌ 3. સાહિત્ય અને શિક્ષણ
❌ 4. સંગીત

**Q.39** **નીચેનામાંથી કયું વિધાન જીવાવરણની સંકલ્પનાને શ્રેષ્ઠ રીતે સમજાવે છે?**

Ans
✅ 1. તે એવો વિસ્તાર છે જ્યાં સજીવો મૃદાવરણ, જલાવરણ અને વાતાવરણ સાથે આંતરક્રિયા કરે છે.
❌ 2. તે એવો વિસ્તાર છે જ્યાં ભૂસ્તરીય પ્રક્રિયાઓ મૃદાવરણ, જલાવરણ અને વાતાવરણ સાથે આંતરક્રિયા કરે છે.
❌ 3. તે એવો વિસ્તાર છે જ્યાં ભૌતિક પ્રક્રિયાઓ મૃદાવરણ, જલાવરણ અને વાતાવરણ સાથે આંતરક્રિયા કરે છે.
❌ 4. તે એવો વિસ્તાર છે જ્યાં આબોહવાકીય તત્વો મૃદાવરણ, જલાવરણ અને વાતાવરણ સાથે આંતરક્રિયા કરે છે.

**Q.40** **2026માં XXV ઓલિમ્પિક વિન્ટર ગેમ્સની યજમાની કયા દેશે કરી હતી?**

Ans
✅ 1. ઇટાલી
❌ 2. ઑસ્ટ્રિયા
❌ 3. ફ્રાન્સ
❌ 4. સ્વિટ્ઝર્લૅન્ડ

**Q.41** **મહાત્મા ગાંધી દ્વારા અસહકાર આંદોલન (Non-Cooperation Movement) કયા વર્ષમાં શરૂ કરવામાં આવ્યું હતું?**

Ans
✅ 1. 1920
❌ 2. 1925
❌ 3. 1917
❌ 4. 1919

Q.42 ગુજરાત ઔદ્યોગિક નીતિ, 2026 હેઠળ જાહેર કરાયેલા નીચેનામાંથી કયા પ્રોજેક્ટનો હેતુ ટ્રાફિક અને ગીચતા ઘટાડવા અને જીવનની ગુણવત્તા સુધારવા માટે ઉદ્યોગોને શહેરી વિસ્તારોમાંથી ખસેડવાનો છે?

Ans
✗ 1. શક્તિ (SHAKTI) પ્રોજેક્ટ
✓ 2. થ્રાઇવ (THRIVE) પ્રોજેક્ટ
✗ 3. સ્માર્ટ (SMART) પ્રોજેક્ટ
✗ 4. વિકાસ (VIKAS) પ્રોજેક્ટ

Q.43 નીચેનામાંથી કયો લોકશાહીની અસરકારક કામગીરી સામેનો એક મોટો પડકાર છે?

Ans
✗ 1. સમવાયી માળખું
✗ 2. શાસનમાં પારદર્શિતા
✓ 3. નાગરિકોની ઓછી ભાગીદારી
✗ 4. નાગરિકોની વધુ ભાગીદારી

Q.44 કાશ્મીર અને વિજયનગરમાં થયેલા સાહિત્યિક વિકાસને કઈ સરખામણી સાચી રીતે અલગ પાડે છે?

Ans
✓ 1. સંસ્કૃત કૃતિઓનો ફારસીમાં અનુવાદ થયો; સંસ્કૃતની સાથે તેલુગુનો વિકાસ થયો.
✗ 2. તેલુગુ સાહિત્યનો વિસ્તાર થયો; બંગાળી કૃતિઓનો ફારસીમાં અનુવાદ થયો.
✗ 3. તુર્કી કવિતાઓનો વિકાસ થયો; ફારસી ભાષાએ પ્રાદેશિક સાહિત્યિક પરંપરાઓનું સ્થાન લીધું
✗ 4. અવધી સાહિત્યનો વિસ્તાર થયો; મરાઠી સાહિત્યએ સંસ્કૃતનું સ્થાન લીધું.

Q.45 ફેબ્રુઆરી 2026 માં, સ્વદેશી રીતે ઉત્પાદિત ટેટનસ અને એડલ્ટ ડિપ્થેરિયા (Tetanus & Adult Diphtheria - Td) રસી કઈ સંસ્થા ખાતે લોન્ચ કરવામાં આવી હતી?

Ans
✓ 1. સેન્ટ્રલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, કસૌલી
✗ 2. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ, નવી દિલ્હી
✗ 3. પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટ, કુન્નૂર
✗ 4. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી, પુણે

Q.46 પ્રારંભિક તમિળ સાહિત્યમાં કયા સામાજિક સમૂહને 'વેલ્લાલર' (Vellalar) તરીકે વર્ણવવામાં આવ્યો છે?

Ans
✗ 1. વેપારીઓ
✗ 2. ગુલામો
✓ 3. મોટા જમીનદારો
✗ 4. પાદરીઓ

Q.47 મહાબલીપુરમનું શોર મંદિર કયા પ્રકારની મંદિર સ્થાપત્ય શૈલીનું ઉદાહરણ છે?

Ans
✗ 1. બૌદ્ધ સ્તૂપ સ્થાપત્ય
✗ 2. ઈન્ડો-ઈસ્લામિક મસ્જિદ સ્થાપત્ય
✓ 3. દ્રવિડ સંરચનાત્મક મંદિર
✗ 4. નાગર ગુફા મંદિર

Q.48 ભારતમાં તમામ પાત્ર પુખ્ત નાગરિકો (eligible adult citizens)ને સમાન મતાધિકારની ખાતરી કયો સિદ્ધાંત આપે છે?

Ans
✗ 1. અલગ મતદારમંડળ (Separate electorate)
✓ 2. સાર્વત્રિક પુખ્ત મતાધિકાર (Universal adult franchise)
✗ 3. મર્યાદિત મતાધિકાર (Limited franchise)
✗ 4. પરોક્ષ ચૂંટણી (Indirect election)

**Q.49** **વૈધાનિક પ્રક્રિયા (legislative process) માં સંસદીય સમિતિઓ (Parliamentary Committees) ની ભૂમિકાને નીચેનામાંથી કયું વિધાન યોગ્ય રીતે સમજાવે છે?**

**Ans**
- ✗ 1. સમિતિઓ કાયદાઓનો અમલ કરે છે અને નીતિઓનું સીધું સંચાલન કરે છે.
- ✗ 2. સમિતિઓ બિલ પસાર કરે છે અને સ્વતંત્ર રીતે કાયદા બનાવે છે.
- ✓ 3. સમિતિઓ બિલની વિસ્તૃત તપાસ કરે છે અને તેનું વિગતવાર પરીક્ષણ પૂરું પાડે છે.
- ✗ 4. સમિતિઓ સંસદમાં ચર્ચા કર્યા વિના બજેટ મંજૂર કરે છે.

**Q.50** **ફેબ્રુઆરી 2026માં, કઈ સંસ્થાએ ઓડિશાના દરિયાકાંઠે આવેલા ચાંદીપુર સ્થિત ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ખાતેથી સોલિડ ફ્યુઅલ ડક્ટેડ રેમજેટ (SFDR) ટેકનોલોજીનું સફળતાપૂર્વક પ્રદર્શન કર્યું?**

**Ans**
- ✗ 1. ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)
- ✗ 2. ભારત ડાયનેમિક્સ લિમિટેડ (BDL)
- ✗ 3. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)
- ✓ 4. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO)

**Q.51** **2026 નો એબેલ પુરસ્કાર (Abel Prize) કોને એનાયત કરવામાં આવ્યો હતો?**

**Ans**
- ✗ 1. મિશેલ તાલાગ્રાન (Michel Talagrand)
- ✗ 2. માસાકી કાશીવારા (Masaki Kashiwara)
- ✗ 3. એન્ડ્રુ વાઈલ્સ (Andrew Wiles)
- ✓ 4. ગર્ડ ફાલ્ટિંગ્સ (Gerd Faltings)

**Q.52** **ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GNFC)ની 2026ની સુવર્ણ જયંતિ મહોત્સવ ઈવેન્ટમાં, કયા જિલ્લામાં વિકાસ માટે "50 વિકસિત વિલેજીસ – વિઝન 2047" (50 Viksit Villages – Vision 2047) યોજના શરૂ કરવામાં આવી હતી?**

**Ans**
- ✓ 1. ભરૂચ
- ✗ 2. જામનગર
- ✗ 3. સુરત
- ✗ 4. કચ્છ

**Q.53** **રમતગમતના ક્ષેત્રમાં કઈ ભારતીય મહિલા ક્રિકેટરને પદ્મશ્રી 2026 એનાયત કરવામાં આવ્યો હતો?**

**Ans**
- ✗ 1. ઝૂલન ગોસ્વામી
- ✓ 2. હરમનપ્રીત કૌર ભુલ્લર
- ✗ 3. મિતાલી રાજ
- ✗ 4. સ્મૃતિ મંધાના

**Q.54** **ભારતની પ્રથમ સાત પંચવર્ષીય યોજનાઓ દરમિયાન અપનાવવામાં આવેલી અંતર્મુખી વેપાર વ્યૂહરચના (inward-looking trade)નો પ્રાથમિક ઉદ્દેશ શું હતો?**

**Ans**
- ✗ 1. મૂડીગત અને ઉપભોક્તા ચીજવસ્તુઓની આયાતમાં વધારો કરવો
- ✓ 2. વિદેશી સ્પર્ધાથી સ્થાનિક ઉદ્યોગોનું રક્ષણ કરવું
- ✗ 3. વૈશ્વિક બજાર સાથે એકીકરણ (global market integration) દ્વારા નિકાસમાં વધારો કરવો
- ✗ 4. સ્થાનિક ઉદ્યોગો (domestic industries)માં વિદેશી ભાગીદારીને પ્રોત્સાહન આપવું

**Q.55** રાઇફલમાંથી ગોળી છોડવામાં આવે ત્યારે તે તરત જ પાછળની તરફ ધકેલાય છે, કારણ કે _____

**Ans**
✔ 1. કુલ વેગમાનનું સંરક્ષણ થાય છે.
✘ 2. હવાનો અવરોધ પાછળની તરફ ધકેલે છે.
✘ 3. ઘર્ષણ એ ગોળીની ગતિનો વિરોધ કરે છે.
✘ 4. રાઈફલ પર ગુરુત્વાકર્ષણ લાગે છે.

**Q.56** ઉષ્ણકટિબંધીય ચક્રવાતોના સંદર્ભમાં સ્ટોર્મ સર્જ એટલે શું?

**Ans**
✘ 1. તીવ્ર ચક્રવાતી પવનોને કારણે દરિયાની સપાટીમાં અચાનક થતો ઘટાડો
✘ 2. ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળને કારણે સામાન્ય ભરતીમાં થતો ફેરફાર
✔ 3. તીવ્ર ચક્રવાતી તોફાન દરમિયાન દરિયાની સપાટીમાં થતો અસામાન્ય વધારો
✘ 4. ચક્રવાત જમીન સાથે અથડાયા પછી પવનની ગતિમાં થતો ક્રમશ: ઘટાડો

**Q.57** વૈદિક કાળમાં, વ્યક્તિનો વ્યવસાય કયા પરિબળ દ્વારા નક્કી થતો હતો?

**Ans**
✔ 1. વ્યક્તિની પસંદગી અને કૌશલ્ય દ્વારા
✘ 2. વંશાવળીના આધારે શાહી નિમણૂક દ્વારા
✘ 3. પરિવારમાં વંશપરંપરાગત સોંપણી દ્વારા
✘ 4. જનજાતિ પુરોહિતોના ધાર્મિક આદેશ દ્વારા

**Q.58** કયા પ્રકારના ખેતી વ્યવસાયમાં પશુધનને ચારા અને પાણીની શોધમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થાનાંતરિત કરવામાં આવે છે?

**Ans**
✘ 1. વૃક્ષારોપણ ખેતી (Plantation farming)
✘ 2. વાણિજ્યિક અનાજની ખેતી (Commercial grain farming)
✘ 3. મિશ્ર ખેતી (Mixed farming)
✔ 4. વિચરતી પશુચરાઇ (Nomadic herding)

**Q.59** કઈ વિશેષતા (feature) 1956 ના ઔદ્યોગિક નીતિ ઠરાવે ભારતમાં ઉદ્યોગોનું વર્ગીકરણ કેવી રીતે કર્યું તેનું સૌથી શ્રેષ્ઠ વર્ણન કરે છે?

**Ans**
✔ 1. તેણે ઉદ્યોગોને માલિકીની ત્રણ શ્રેણીઓ (categories)માં વર્ગીકૃત કર્યા હતા.
✘ 2. તેણે પ્રાદેશિક સ્થાનના આધારે ઉદ્યોગોનું વર્ગીકરણ કર્યું.
✘ 3. તેણે ઉદ્યોગોને માત્ર ખાનગી માલિકી હેઠળ ચલાવવાની (ઓપરેટ કરવાની) મંજૂરી આપી.
✘ 4. તેણે ઉદ્યોગોને જાહેર અને ખાનગી સંયુક્ત માલિકી હેઠળ મૂક્યા.

**Q.60** 2026 માં, ઉત્તર પ્રદેશના કયા વેટલેન્ડને ભારતના 100 મા રામસર સ્થળ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું?

**Ans**
✘ 1. સુર સરોવર પક્ષી અભયારણ્ય
✘ 2. નંદુર મધમેશ્વર પક્ષી અભયારણ્ય
✔ 3. જય પ્રકાશ નારાયણ પક્ષી અભયારણ્ય
✘ 4. સામન પક્ષી અભયારણ્ય

## Section : **Quantitative Aptitude**

**Q.61** એક હોડી સ્થિર પાણીમાં 14 km/h ની ઝડપે આગળ વધે છે અને પ્રવાહ 3 km/h ની ઝડપે વહે છે. તો પ્રવાહની દિશામાં ઝડપ શોધો.

**Ans**
✔ 1. 17 km/h
✘ 2. 10 km/h
✘ 3. 15 km/h
✘ 4. 11 km/h

Q.62 એક બંધ નળાકાર (closed cylinder) ના કુલ પૃષ્ઠફળ અને તેની વક્રસપાટીના ક્ષેત્રફળ (curved surface area) વચ્ચેનો તફાવત 308 $cm^2$ છે. તો નળાકારની ત્રિજ્યા શોધો. (π = 22/7 લો.)

Ans
- ✗ 1. 8 cm
- ✗ 2. 6 cm
- ✓ 3. 7 cm
- ✗ 4. 9 cm

Q.63 (3, 4), (2, 6), (4, 8), અને (5, 10) પૈકી કઈ જોડી સહ-અવિભાજ્ય (coprime) છે?

Ans
- ✗ 1. 5, 10
- ✓ 2. 3, 4
- ✗ 3. 4, 8
- ✗ 4. 2, 6

Q.64 એક વ્યક્તિ ₹4,00,000નું વાર્ષિક 10% ચક્રવૃદ્ધિ વ્યાજના દરે 1.5 વર્ષ માટે રોકાણ કરે છે. જો ચક્રવૃદ્ધિ વ્યાજની ગણતરી અર્ધવાર્ષિક અને વાર્ષિક કરવામાં આવે, તો બંને સ્થિતિમાં મળતી રકમો વચ્ચેનો તફાવત શોધો.

Ans
- ✗ 1. ₹1150
- ✗ 2. ₹950
- ✓ 3. ₹1050
- ✗ 4. ₹1250

Q.65 નીચે આપેલા ડેટાનો મધ્યસ્થ શોધો:
7, 11, 13, 18, 21, 25, 29

Ans
- ✗ 1. 21
- ✓ 2. 18
- ✗ 3. 13
- ✗ 4. 16

Q.66 ₹5000 ની રકમ સાદા વ્યાજે 4 વર્ષમાં ₹6200 થાય છે. તો વાર્ષિક વ્યાજનો દર શોધો.

Ans
- ✓ 1. 6%
- ✗ 2. 4%
- ✗ 3. 7%
- ✗ 4. 8%

Q.67 એક વિદ્યાર્થીના ગણિતના ગુણમાં એક ટર્મમાં 25% નો વધારો થાય છે અને ત્યારપછીના ટર્મમાં 20% નો ઘટાડો થાય છે. જો શરૂઆતના ગુણ (initial score) 80 હોય, તો વિદ્યાર્થીના અંતિમ ગુણ કેટલા હશે?

Ans
- ✗ 1. 100
- ✗ 2. 96
- ✗ 3. 84
- ✓ 4. 80

Q.68 એક વેપારી ₹800 માં એક બેગ ખરીદે છે. તેના રિપેરિંગ પાછળ ₹200 ખર્ચે છે અને પછી તેને ₹1200 માં વેચે છે. તેના નફાની ટકાવારી શોધો.

Ans
- ✓ 1. 20%
- ✗ 2. 15%
- ✗ 3. 10%
- ✗ 4. 25%

Q.69 જો 9 પેનોની કિંમત ₹162 હોય, તો 12 પેનોની કિંમત (₹ માં) કેટલી થશે?

Ans
- ✗ 1. 240
- ✗ 2. 204
- ✓ 3. 216
- ✗ 4. 228

Q.70 બે ધન સંખ્યાઓના વર્ગોનો સરવાળો 85 છે અને તેમનો તફાવત 7 છે. તો નાની ધન સંખ્યા (smaller positive number) શોધો.

Ans
- ✗ 1. 7
- ✗ 2. 6
- ✓ 3. 2
- ✗ 4. 3

Q.71 જો $\sec\theta - \tan\theta = k$ હોય, તો $\sec\theta + \tan\theta$ નું મૂલ્ય શોધો.

Ans
- ✗ 1. $1 - k$
- ✓ 2. $\frac{1}{k}$
- ✗ 3. $1 + k$
- ✗ 4. $1 - \frac{1}{k}$

Q.72 બે સંખ્યાનો સરવાળો 20 છે. તેમનો તફાવત 4 છે. મોટી સંખ્યા કઈ છે?

Ans
- ✓ 1. 12
- ✗ 2. 15
- ✗ 3. 14
- ✗ 4. 10

Q.73 $(\sec A + \tan A)(1 - \sin A)$ એ ______ ના બરાબર છે.

Ans
- ✗ 1. sin A
- ✓ 2. cos A
- ✗ 3. cosec A
- ✗ 4. sec A

Q.74 એક દુકાનદાર ₹10,000 માં સાયકલ ખરીદે છે. તે ₹500 ટ્રાન્સપોર્ટેશન પાછળ અને ₹500 સમારકામ (repair) પાછળ ખર્ચે છે. પછી તે તેને ₹12,000 માં વેચે છે, પરંતુ સેલ્સપર્સનને ₹300 કમિશન આપવું પડે છે. તેનો નફો કેટલો છે?

Ans
- ✗ 1. ₹750
- ✗ 2. ₹675
- ✗ 3. ₹500
- ✓ 4. ₹700

Q.75 પાઈપ A એક ટાંકીને 18 કલાકમાં ભરી શકે છે અને પાઈપ B તેને 12 કલાકમાં ભરી શકે છે. બંને પાઈપને એકસાથે ખોલવામાં આવે છે, પરંતુ 4 કલાક પછી પાઈપ B ને બંધ કરી દેવામાં આવે છે. બાકીની ટાંકી ભરવા માટે પાઈપ A ને વધારાનો કેટલો સમય લાગશે?

Ans
- ✗ 1. 4 કલાક
- ✗ 2. 6 કલાક
- ✗ 3. 5 કલાક
- ✓ 4. 8 કલાક

Q.76 સમીકરણ $x^2 + 6x + 9 = 0$ ના બીજોનો પ્રકાર શોધો.

Ans
✔ 1. વાસ્તવિક અને સમાન
✘ 2. સંકર (Complex)
✘ 3. વાસ્તવિક અને ભિન્ન
✘ 4. નક્કી કરી શકાતું નથી

Q.77 120 m અને 180 m લંબાઈ ધરાવતી બે ટ્રેન એકબીજાની વિરુદ્ધ દિશા (opposite directions) માં અનુક્રમે 54 km/h અને 36 km/h ની ઝડપે ગતિ કરી રહી છે. તો તેઓને એકબીજાને પસાર કરવા માટે કેટલો સમય લાગશે?

Ans
✘ 1. 10 સેકન્ડ
✘ 2. 16 સેકન્ડ
✘ 3. 8 સેકન્ડ
✔ 4. 12 સેકન્ડ

Q.78 એક પાઈપ એક ટાંકીને 10 કલાકમાં ભરે છે. જો તે 5 કલાક માટે ચાલુ રહે, તો ટાંકીનો કેટલો ભાગ ભરાશે?

Ans
✘ 1. $\frac{2}{3}$
✘ 2. $\frac{1}{4}$
✘ 3. $\frac{3}{5}$
✔ 4. $\frac{1}{2}$

Q.79 એક હોડી પ્રવાહની દિશામાં 42 km નું અંતર 3 કલાકમાં કાપે છે અને પ્રવાહની ઝડપ 2 km/h છે. તો સ્થિર પાણીમાં હોડીની ઝડપ કેટલી છે?

Ans
✘ 1. 13 km/h
✘ 2. 15 km/h
✘ 3. 14 km/h
✔ 4. 12 km/h

Q.80 A એક કામ 12 દિવસમાં પૂર્ણ કરે છે, જ્યારે B તે કામ 20 દિવસમાં પૂર્ણ કરે છે. તેઓ સાથે કામ શરૂ કરે છે, પરંતુ 4 દિવસ પછી B કામ છોડી દે છે. તો હવે કામનું કેટલું ભાગ બાકી રહેશે?

Ans
✘ 1. $\frac{8}{15}$
✘ 2. $\frac{1}{3}$
✘ 3. $\frac{2}{5}$
✔ 4. $\frac{7}{15}$

Q.81 એક વ્યક્તિની આવકમાં 25% નો વધારો થાય છે જ્યારે તેના ખર્ચમાં 20% નો વધારો થાય છે. શરૂઆતમાં, તે તેની આવકના 20% બચાવતો હતો. તે તેની નવી આવકના કેટલા ટકાની બચત કરે છે?

Ans
✘ 1. 24.6%
✘ 2. 24.1%
✔ 3. 23.2%
✘ 4. 22.4%

Q.82 એક ચોક્કસ રકમ પર વાર્ષિક 10%ના દરે વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતાં 3 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ અને સાદા વ્યાજનો તફાવત ₹620 છે. તો મુદ્દલ શોધો.

Ans
✔ 1. ₹20,000
✘ 2. ₹25,000
✘ 3. ₹15,000
✘ 4. ₹18,000

Q.83 એક દુકાનદાર એક વોટર ડિસ્પેન્સર ₹18,000 માં ખરીદે છે. તે તેના પર ₹1,200 વાહન ભાડું અને ₹800 ઇન્સ્ટોલેશનનો ખર્ચ કરે છે. ત્યારબાદ તે તેને ₹23,500 માં વેચે છે, પરંતુ ગ્રાહકને ₹500 નું કેશબેક આપે છે. તો તેને કેટલા ટકા નફો થયો હશે?

Ans
✘ 1. 10%
✘ 2. 8%
✘ 3. 12%
✔ 4. 15%

Q.84 બિંદુઓ A (-3, 7) અને B (5, -1) ને જોડતા રેખાખંડના મધ્યબિંદુના યામ શું છે?

Ans
✔ 1. (1, 3)
✘ 2. (2, 5)
✘ 3. (1, 2)
✘ 4. (2, 3)

Q.85 સાદું રૂપ આપો: (4.2 × 2.5 + 3.6 × 1.8) ÷ (0.6 + 2.4) + (1.4 × 2.5)

Ans
✘ 1. 9.26
✔ 2. 9.16
✘ 3. 9.36
✘ 4. 9.06

Q.86 મીઠાના એક શંકુ આકારના ઢગલાની ત્રિજ્યા 14 m અને ઊંચાઈ 6 m છે. આ ઢગલાનું ઘનફળ કેટલું થાય? ($\pi = \frac{22}{7}$ લો)

Ans
✘ 1. 4928 ઘન મીટર
✘ 2. 3696 ઘન મીટર
✘ 3. 1344 ઘન મીટર
✔ 4. 1232 ઘન મીટર

Q.87 આપેલા વિતરણનો બહુલક શોધો.

| વર્ગ અંતરાલ | આવૃત્તિ |
|---|---|
| 0-10 | 4 |
| 10-20 | 7 |
| 20-30 | 13 |
| 30-40 | 9 |
| 40-50 | 5 |

Ans
✘ 1. 24
✔ 2. 26
✘ 3. 27
✘ 4. 25

Q.88 એક કોન્ટ્રાક્ટર 15 દિવસમાં એક પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે 24 શ્રમિકો (workers) ને કામે રાખે છે. જો બધા શ્રમિકો સમાન કાર્યક્ષમતાથી કામ કરે, તો 10 દિવસમાં તે જ પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે કેટલા શ્રમિકોની જરૂર પડશે?

Ans
✔ 1. 36
✘ 2. 48
✘ 3. 54
✘ 4. 42

Q.89 5 cm ત્રિજ્યાવાળા અર્ધગોલક (hemisphere) ને સમાન ત્રિજ્યાવાળા લંબવૃત્તિય શંકુ (right circular cone) ના આધાર પર ગોઠવવા (માઉન્ટ કરવા) માં આવે છે. જો શંકુની તિર્યક ઊંચાઈ (slant height) 12 cm હોય, તો પરિણામી ઘનનું કુલ પૃષ્ઠફળ કેટલું છે?

Ans
✘ 1. $85\pi$ cm²
✔ 2. $110\pi$ cm²
✘ 3. $75\pi$ cm²
✘ 4. $100\pi$ cm²

Q.90 A એ 12 મહિના માટે ₹60,000 નું રોકાણ કર્યું, જ્યારે B એ શરૂઆતથી 3 મહિના પછી ₹80,000 નું રોકાણ કર્યું અને વર્ષના બાકીના સમય માટે નાણાં રોકાયેલા રાખ્યા. જો વર્ષના અંતે કુલ નફો ₹1,08,000 હોય, તો A નો ભાગ કેટલો હશે?

Ans
✘ 1. ₹60,000
✘ 2. ₹64,800
✔ 3. ₹54,000
✘ 4. ₹48,000

Section : **Reasoning**

Q.91 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
ઉત્તર દિશા તરફ મુખ રાખીને એક હરોળમાં બેઠેલા 6 મિત્રો, અમિત, ભાનુ, ચારુ, દીપા, એશા અને ફૈઝલ, પૈકી કોણ સૌથી ડાબી બાજુના છેડા પર બેસે છે?

વિધાનો:
(I) અમિત એ સૌથી ડાબી બાજુના છેડાથી ત્રીજા સ્થાને બેસે છે. દીપા એ કોઈ પણ બાજુના સૌથી છેડા પર બેસતી નથી. એશા એ અમિતની તરત જ બાજુમા (adjacent) બેસતી નથી.
(II) ભાનુ એ સૌથી ડાબી બાજુના છેડાથી પાંચમા સ્થાને બેસે છે. ચારુ એ કોઈ પણ બાજુના સૌથી છેડા પર બેસતી નથી.

Ans
✘ 1. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✔ 2. વિધાન (I) અને (II) બંને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.
✘ 3. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 4. વિધાન (I) અને (II) બંનેમાં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ને એકલા ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.92 એક પરિવારમાં 8 સભ્યો C, F, J, N, R, T, W અને Z છે. C એ F નો પતિ છે. J એ F ની પુત્રી છે. N એ J નો પતિ છે. R એ J નો પુત્ર છે. T એ N ની પુત્રી છે. W એ R નો ભાઈ છે. Z એ J નો ભાઈ છે. નીચે આપેલી ખાલી જગ્યા પૂરો:

F એ R ના/ની ______ છે.

Ans
✘ 1. પિતાના પિતા
✔ 2. માતાની માતા
✘ 3. પિતાની માતા
✘ 4. પુત્રની પુત્રી

**Q.93** **સુરેશ એ બિંદુ Y થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને દક્ષિણ તરફ 35 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે, 79 km ડ્રાઈવ કરે છે, ત્યારબાદ જમણો વળાંક લે છે અને 29 km ડ્રાઈવ કરે છે. ફરીથી તે જમણો વળાંક લે છે અને 22 km ડ્રાઈવ કરે છે. તે અંતિમ જમણો વળાંક લે છે, 64 km ડ્રાઈવ કરે છે અને બિંદુ Z પર રોકાય છે. બિંદુ Y પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલા દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી)ના વળાંકો છે, સિવાય કે ઉલ્લેખ કરવામાં આવે.)**

**Ans**

✔ 1. 57 km પશ્ચિમ તરફ

✘ 2. 56 km પૂર્વ તરફ

✘ 3. 52 km પશ્ચિમ તરફ

✘ 4. 59 km પૂર્વ તરફ

**Q.94** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**પ્રશ્ન:**
**બિંદુ Bની સાપેક્ષમાં બિંદુ A કઈ દિશામાં છે?**

**વિધાન I: બિંદુ A થી, એક છોકરી બિંદુ B સુધી પહોંચવા માટે 30 મીટર પૂર્વ દિશામાં અને 40 મીટર ઉત્તર દિશામાં દોડે છે.**
**વિધાન II: બિંદુઓ A અને B વચ્ચેનું સૌથી ટૂંકું અંતર 50 મીટર છે.**

**Ans**

✔ 1. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✘ 2. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✘ 3. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે (એકલા વિધાન I અથવા એકલા વિધાન II ની માહિતી નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✘ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.95** **જો 25 નવેમ્બર 2020 ના રોજ બુધવાર હોય, તો 12 એપ્રિલ 2020 ના રોજ અઠવાડિયાનો કયો દિવસ હતો?**

**Ans**

✘ 1. સોમવાર

✔ 2. રવિવાર

✘ 3. શનિવાર

✘ 4. શુક્રવાર

**Q.96** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને યોગ્ય જવાબ નક્કી કરો.**

**પ્રશ્ન:**
**બિંદુ U ની સાપેક્ષમાં બિંદુ M કઈ દિશામાં છે?**
**વિધાન I: બિંદુ U થી, એક છોકરી M સુધી પહોંચવા માટે દક્ષિણ દિશા તરફ 9 મીટર અને પશ્ચિમ દિશા તરફ 12 મીટર ચાલે છે.**
**વિધાન II: બિંદુઓ U અને M વચ્ચેનું લઘુતમ અંતર 15 મીટર છે.**

**Ans**

✘ 1. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

✔ 2.
વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

✘ 3.
વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.

✘ 4.
વિધાનો I અને II બંને એકસાથે લેતા (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

**Q.97** **જો 8615374 સંખ્યાના દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં કેટલા અંક એક કરતાં વધુ વખત દેખાશે?**

**Ans**

✘ 1. એક પણ નહીં

✘ 2. બે

✘ 3. એક

✔ 4. ત્રણ

Q.98 A, B, C, I, J અને K એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, આ અનુક્રમમાં સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે. C અને K ની વચ્ચે ફક્ત બે લોકો રહે છે. B અને A ની વચ્ચે ફક્ત બે લોકો રહે છે. B ની ઉપર કોઈ રહેતું નથી. K એ A ની નીચે પરંતુ I ની ઉપર રહે છે.
J ની નીચે કેટલા લોકો રહે છે?

Ans
1. ચાર
2. બે
3. ત્રણ
4. એક

Q.99 આ પ્રશ્ન નીચે આપેલી પાંચ, ત્રણ-અંકી સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 219 375 423 447 381 (જમણી બાજુ)

(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
(નોંધ: તમામ ક્રિયાઓ (ઓપરેશન્સ) ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.)

જો સૌથી મોટી સંખ્યાનો બીજો અંક એ સૌથી નાની સંખ્યાના ત્રીજા અંકમાં ઉમેરવામાં આવે, તો પરિણામ શું આવશે?

Ans
1. 13
2. 14
3. 11
4. 12

Q.100 પાંચ લોકો, B, H, N, T અને Y, ઉત્તર દિશા તરફ મોં કરીને એક હરોળમાં બેઠા છે. H અને N ની વચ્ચે ફક્ત એક જ વ્યક્તિ બેઠો છે. T અને N ની વચ્ચે ફક્ત એક જ વ્યક્તિ બેઠો છે. B એ T ની તરત ડાબી બાજુએ બેઠો છે. N ની તરત ડાબી બાજુએ કોણ બેઠું હશે?

Ans
1. T
2. H
3. B
4. Y

Q.101 જો '+' અને '-' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?)નાં સ્થાને શું આવશે?

40 × 5 + 3 ÷ 4 - 11 = ?

Ans
1. 7
2. 20
3. 11
4. 10

Q.102 વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.

PKW : KFR
VNI : QID

Ans
1. WLF : RGB
2.
NES : IYN
3.
SHR : NCM
4.
KQN : FMI

Q.103 નીચે આપેલા સંખ્યા/પ્રતીકને તેની નીચે આપેલા અક્ષર કૂટ (કોડ)નો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કૂટ (કોડ)નું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે.
નોંધ: જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

સંખ્યા/પ્રતીક $ % 4 6 + 8 ! 5 1 @

કૂટ (કોડ) V P H T R K D M F Q

શરતો –
(i) જો પ્રથમ ઘટક સંખ્યા હોય અને છેલ્લો ઘટક એ એક પ્રતીક હોય, તો આ કિસ્સામાં બે ઘટકો (પ્રથમ અને છેલ્લા ઘટકો)નાં કોડને એકબીજા સાથે બદલવા પડશે.
(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એ એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લા ઘટકોને © તરીકે કૂટબદ્ધ કરવું પડશે.
(iii) બીજા અને ત્રીજા બંને ઘટકો જો પૂર્ણ વર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટે જે કોડ છે તેનાથી કૂટબદ્ધ કરવું પડશે.

નીચે આપેલા સમૂહ માટેનો કૂટ (કોડ) શું હશે?
! 4 1 6 8

Ans
✗ 1. D H F T K
✗ 2. K H H T D
✓ 3. D H H T K
✗ 4. D F F K T

Q.104 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
બિંદુ Pની સાપેક્ષમાં બિંદુ Q કઈ દિશામાં છે?

વિધાન I: બિંદુ P થી, એક મહિલા Q સુધી પહોંચવા માટે 7 km ઉત્તર તરફ અને 24 km પૂર્વ તરફ વાહન ચલાવે છે.
વિધાન II: બિંદુઓ P અને Q વચ્ચેનું સૌથી ટૂંકું અંતર 25 km છે.

Ans
✗ 1. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે (એકલા વિધાન I અથવા એકલા વિધાન II ની માહિતી નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✓ 2. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 3. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.105 એવો વિકલ્પ પસંદ કરો કે જેમાં નીચે આપેલ નામ અને સરનામાની તમામ વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.
Mrs. Nasreen Jahan Siddiqui, Plot No. 45-C, Shahpura, Near Habibganj Railway Station, Hoshangabad Road, Bhopal, Madhya Pradesh – 462016

Ans
✗ 1. Mrs. Nasreen Jahan Siddiqui, Plot No. 45-C, Shahpura, Near Habibgunj Railway Station, Hoshangabad Road, Bhopal, Madhya Pradesh – 462016
✗ 2. Mrs. Nasreen Jahan Siddiqui, Plot No. 45-C, Shahpura, Near Habibganj Railway Station, Hoshangabad Road, Bhopal, Madhya Pardesh – 462016
✗ 3. Mrs. Nasreen Jahan Siddiqui, Plot No. 45-C, Shahpura, Near Habibganj Railway Station, Hoshangabad Road, Bhopal, Madhya Pradesh – 462061
✓ 4. Mrs. Nasreen Jahan Siddiqui, Plot No. 45-C, Shahpura, Near Habibganj Railway Station, Hoshangabad Road, Bhopal, Madhya Pradesh – 462016

**Q.106** આ પ્રશ્ન નીચે મુજબ ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 847 362 951 534 719 (જમણી બાજુ)

(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

જો સૌથી નાની સંખ્યાના પ્રથમ અંકને બીજી સૌથી મોટી સંખ્યાના બીજા અંકમાં ઉમેરવામાં આવે તો શું પરિણામ આવશે?

**Ans**

✗ 1. 8

✗ 2. 10

✓ 3. 7

✗ 4. 9

**Q.107** એક એક્યુરેટ એનાલોગ ઘડિયાળ (accurate analog clock)નું અરીસામાં પ્રતિબિંબ 04:17 કલાકનો સમય દર્શાવે છે. ઘડિયાળમાં દર્શાવેલો વાસ્તવિક સમય શું હશે?

**Ans**

✗ 1. 07:45 કલાક

✗ 2. 07:35 કલાક

✗ 3. 07:34 કલાક

✓ 4. 07:43 કલાક

**Q.108** વિદ્યાર્થીઓની એક હરોળમાં, તન્વીનું સ્થાન ડાબી બાજુના છેડાથી 27મું અને જમણી બાજુના છેડાથી 34મું છે. નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.
તો તે હરોળમાં કુલ _____ વિદ્યાર્થીઓ છે.

**Ans**

✗ 1. 58

✗ 2. 59

✗ 3. 61

✓ 4. 60

**Q.109** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
બિંદુ Z ના સાપેક્ષમાં બિંદુ Y કઈ દિશામાં છે?

વિધાન I: બિંદુ Z થી, એક વ્યક્તિ 3 મીટર દક્ષિણમાં અને 4 મીટર પશ્ચિમ દિશામાં દોડીને બિંદુ Y સુધી પહોંચે છે.
વિધાન II: બિંદુઓ Z અને Y વચ્ચેનું સૌથી ટૂંકું અંતર 5 મીટર છે.

**Ans**

✗ 1. વિધાનો (I) અને (II) બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.

✗ 2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 3. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✓ 4. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.110** આપેલા શબ્દોને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવતો સાચો વિકલ્પ પસંદ કરો.
દિવાલ
મકાન
ઈંટ

**Ans**

✓ 1. 3,1,2

✗ 2. 2,3,1

✗ 3. 3,2,1

✗ 4. 1,3,2

**Q.111** **TRUNDLE શબ્દના દરેક અક્ષરને મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા નવા અક્ષર સમૂહમાં ડાબી બાજુથી ત્રીજા અક્ષર અને જમણી બાજુથી ત્રીજા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો છે?**

**Ans**
✔ 1. પાંચ
✘ 2. એક
✘ 3. બે
✘ 4. ત્રણ

**Q.112** **જો + નો અર્થ –, – નો અર્થ ×, × નો અર્થ ÷, ÷ નો અર્થ + થાય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને શું આવશે?**

**14 × 2 + 2 – 6 ÷ 5 = ?**

**Ans**
✔ 1. 0
✘ 2. 12
✘ 3. 11
✘ 4. 6

**Q.113** **G, H, I, B, C, D અને E પૈકી દરેકની પરીક્ષા એક જ અઠવાડિયાના સોમવારથી શરૂ થઈને રવિવારે પૂરા થતા અલગ-અલગ દિવસે છે. E ની પરીક્ષા બુધવારે છે. I ની પહેલાં કોઈની પરીક્ષા નથી. I અને G ની વચ્ચે માત્ર ત્રણ વ્યક્તિઓની પરીક્ષા છે. G અને B ની વચ્ચે માત્ર એક જ વ્યક્તિની પરીક્ષા છે. D ની પરીક્ષા H પછીના કોઈ એક દિવસે છે પરંતુ C પહેલાંના કોઈ એક દિવસે છે. તો અઠવાડિયાના કયા દિવસે D ની પરીક્ષા હશે?**

**Ans**
✘ 1. રવિવાર
✘ 2. શનિવાર
✘ 3. મંગળવાર
✔ 4. ગુરુવાર

**Q.114** **EARLDOMS શબ્દમાં દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત જ પછી આવતા અક્ષરમાં બદલવામાં આવે છે અને પછી આ રીતે રચાયેલા તમામ અક્ષરોને મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. મૂળ શબ્દની સરખામણીમાં, આ રીતે રચાયેલા અક્ષરોના સમૂહમાં કેટલા અક્ષરોની સ્થિતિ યથાવત (અપરિવર્તિત) રહેશે?**

**Ans**
✘ 1. બે
✘ 2. ત્રણ
✘ 3. એક
✔ 4. એકપણ નહીં

**Q.115** **નીચે આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, અને નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.**

**વિધાનો : બધા ખાતર, પોષક તત્વો છે. કોઈ ખાતર, તત્વ નથી.**

**તારણ (I): કેટલાક તત્વો, પોષક તત્વો છે.**
**તારણ (II): બધા પોષક તત્વો, તત્વો છે.**

**Ans**
✘ 1. ફક્ત તારણ (I) અનુસરે છે.
✔ 2. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે.
✘ 3. (I) અને (II) બંને તારણો અનુસરે છે.
✘ 4. ફક્ત તારણ (II) અનુસરે છે.

Q.116 10 એ અમુક ચોક્કસ તર્કને અનુસરીને 54 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 16 એ 84 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને 21 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ, જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans
✗ 1. 90
✗ 2. 96
✗ 3. 111
✓ 4. 109

Q.117 BLANKET શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. તો આ રીતે બનેલા અક્ષરોના નવા સમૂહમાં ડાબી બાજુથી ત્રીજા અને જમણી બાજુથી ચોથા સ્થાને રહેલા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

Ans
✗ 1. બે
✗ 2. ત્રણ
✓ 3. પાંચ
✗ 4. ચાર

Q.118 છ ભાઈ-બહેન, ગૌરવ, લીના, પરેશ, શ્વેતા, ઉદય અને ચંદા, દરેકનું વજન અલગ-અલગ છે. લીનાનું વજન ગૌરવ કરતાં વધારે છે. પરેશનું વજન લીના કરતાં વધારે છે. શ્વેતાનું વજન ગૌરવ કરતાં ઓછું છે. ઉદયનું વજન પરેશ કરતાં વધારે છે. ચંદાનું વજન શ્વેતા કરતાં ઓછું છે. તો બીજા ક્રમે આવતી સૌથી ઓછું વજન (second lightest) ધરાવતી વ્યક્તિ કોણ છે?

Ans
✗ 1. ગૌરવ
✗ 2. ચંદા
✗ 3. લીના
✓ 4. શ્વેતા

Q.119 એક ચોક્કસ કોડ ભાષામાં, 'CATS' ને '5214' તરીકે અને 'STAR' ને '1495' તરીકે કોડમાં લખવામાં આવે છે. આપેલી કોડ ભાષામાં, 'R' માટેનો કોડ શું છે?

Ans
✓ 1. 9
✗ 2. 4
✗ 3. 1
✗ 4. 5

Q.120 સાત બોક્સ C, D, E, F, I, J અને Z ને એકબીજાની ઉપર રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. E ની નીચે ફક્ત ત્રણ બોક્સ મૂકવામાં આવ્યા છે. E અને I ની વચ્ચે ફક્ત બે બોક્સ મૂકવામાં આવ્યા છે. Z ની ઉપર ફક્ત C ને મૂકવામાં આવ્યું છે. J ને D ની નીચેના કોઈ એક સ્થાને અને F ની ઉપરના કોઈ એક સ્થાને મૂકવામાં આવ્યું છે. સૌથી નીચેથી બીજા સ્થાને કયું બોક્સ મૂકવામાં આવ્યું છે?

Ans
✓ 1. F
✗ 2. C
✗ 3. Z
✗ 4. I

**Q.121** **નીચે આપેલા શબ્દોની ગોઠવણી તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.**
**પંચકોણ (Pentagon)**
**નવકોણ (Nonagon)**
**સમાંતરબાજુ ચતુષ્કોણ (Parallelogram)**
**દશકોણ (Decagon)**
**ત્રિકોણ (Triangle)**

**Ans**
✔ 1. 5, 3, 1, 2, 4
✘ 2. 2, 1, 3, 4, 5
✘ 3. 5, 3, 4, 2, 1
✘ 4. 4, 3, 1, 5, 2

**Q.122** **અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી અક્ષર-સમૂહોની ચાર જોડીઓમાંથી ત્રણ ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?**

**(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)**

**Ans**
✔ 1. BV-HQ
✘ 2. OK-WS
✘ 3. LK-TS
✘ 4. PM-XU

**Q.123** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**પ્રશ્ન:**
**બિંદુ N ની સાપેક્ષમાં બિંદુ M કઈ દિશામાં છે?**

**વિધાન I: બિંદુઓ N અને M વચ્ચેનું સૌથી ટૂંકું અંતર 13 મીટર છે.**
**વિધાન II: N થી, એક વ્યક્તિ M સુધી પહોંચવા માટે 5 મીટર દક્ષિણ અને 12 મીટર પશ્ચિમમાં બાઇક ચલાવે છે.**

**Ans**
✘ 1. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 2. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે (એકલા વિધાન I અથવા એકલા વિધાન II ની માહિતી નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✔ 3. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 4. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.124** **નીચેની અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.**
**(ડાબી બાજુ) W E J I T J A Y D F G R E S J W K U J Y X D G Q G V (જમણી બાજુ)**
**એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલાં એક સ્વર આવે છે અને તરત જ પછી એક વ્યંજન પણ આવે છે?**

**Ans**
✔ 1. ચાર
✘ 2. બે
✘ 3. ત્રણ
✘ 4. એક

**Q.125** **નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવી શકે તેવી સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય કયું છે?**

**135.01 - 45.05 + 8.95 x 5.02 = ?**

**Ans**
✘ 1. 155
✘ 2. 170
✘ 3. 115
✔ 4. 135

Q.126 પાંચ મિત્રો ભાવના, કરણ, નીતિન, રીમા અને સૂરજની ઊંચાઈ અલગ અલગ છે. કરણ નીતિન કરતાં ઊંચો છે. ભાવના કરણ કરતાં ઊંચી છે. સૂરજ નીતિન કરતાં નીચો છે. રીમા ભાવના કરતાં ઊંચી છે.
ખાલી જગ્યા ભરો. ______ એ આ જૂથમાં બીજા ક્રમે આવતી સૌથી ઊંચી વ્યક્તિ છે.

Ans
1. કરણ
2. ભાવના
3. રીમા
4. નીતિન

Q.127 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહોમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. નીચેનામાંથી કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર-સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી.)

Ans
1. JMQ
2. FIM
3. BEI
4. HKN

Q.128 આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે.
GYM CUT SKY PEN
દરેક શબ્દમાં, દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછી આવતા અક્ષર વડે બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પહેલા આવતા અક્ષર વડે બદલવામાં આવે છે. આ રીતે બનેલા નવા અક્ષર-સમૂહોમાંથી કેટલા સમૂહમાં એક પણ સ્વર આવશે નહીં?

Ans
1. એક
2. એક પણ નહીં
3. બે
4. ત્રણ

Q.129 નીચે આપેલા શબ્દો અંગ્રેજી ભાષાના શબ્દકોશના ક્રમમાં ગોઠવાતા કયો સાચો વિકલ્પ બને છે તે પસંદ કરો.

1. Blue
2. Green
3. Red
4. Yellow

Ans
1. 1, 2, 3, 4
2. 3, 2, 1, 4
3. 1, 3, 2, 4
4. 2, 1, 3, 4

Q.130 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
પાંચ મિત્રો, હેમંત, ફરીદા, ગિરીશ, જયા અને કાવ્ય પૈકી દરેકની ઉંમર અલગ-અલગ છે, તો તેમાંથી ત્રીજા નંબરની સૌથી વધુ ઉંમરવાળી વ્યક્તિ કોણ છે?

વિધાનો:
(I) હેમંતની ઉંમર ફરીદા કરતાં વધુ છે. ગિરીશની ઉંમર હેમંત કરતાં વધુ છે
(II) ફરીદાની ઉંમર જયા કરતાં વધુ છે. જયાની ઉંમર કાવ્ય કરતાં વધુ છે.

Ans
1. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
4. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.131 પાંચ મિત્રો, D, H, N, S અને V પૈકી દરેકે પરીક્ષામાં જુદા જુદા ગુણ મેળવ્યા છે. H એ N કરતાં વધુ ગુણ મેળવ્યા છે. S એ H કરતાં વધુ ગુણ મેળવ્યા છે. D એ N કરતાં ઓછા ગુણ મેળવ્યા છે. V એ S કરતાં વધુ ગુણ મેળવ્યા છે. તો ______ એ તે પરીક્ષામાં બીજા સૌથી ઓછા ગુણ મેળવ્યા છે.

Ans
✗ 1. D
✗ 2. H
✗ 3. S
✓ 4. N

Q.132 જો 12 એપ્રિલ 2001 ના રોજ ગુરુવાર હોય, તો 26 ઓગસ્ટ 2014 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

Ans
✗ 1. બુધવાર
✗ 2. સોમવાર
✗ 3. રવિવાર
✓ 4. મંગળવાર

Q.133 એક કુટુંબમાં 8 વ્યક્તિઓ છે, B, E, H, L, P, S, W અને Y. B એ E ના પિતા છે. H એ E નો ભાઈ છે. L એ E ની પત્ની છે. P એ L નો પુત્ર છે. S એ E ની પુત્રી છે. W એ B ની પત્ની છે. Y એ S ની બહેન છે. નીચે આપેલી ખાલી જગ્યા ભરો.

B એ L ની/ના ______ છે.

Ans
✗ 1. માતાના પિતા
✓ 2. પતિના પિતા
✗ 3. પત્નીના પિતા
✗ 4. પિતાના પિતા

Q.134 નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?
RGN 15, UJQ 18, XMT 21, APW 24, ?

Ans
✓ 1. DSZ 27
✗ 2. ESZ 27
✗ 3. ERZ 27
✗ 4. DRZ 28

Q.135 એક વર્ગના તમામ 38 વિદ્યાર્થીઓ ઉત્તર દિશા તરફ મોં કરીને એક હરોળમાં ઊભા છે. સેન્ડી જમણા છેડાથી 5મા સ્થાને છે જ્યારે રોન ડાબા છેડાથી 12મા સ્થાને છે. સેન્ડી અને રોનની વચ્ચે કેટલા લોકો ઊભા છે?

Ans
✗ 1. 23
✗ 2. 20
✓ 3. 21
✗ 4. 19

Q.136 કેતન એ બિંદુ Y થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને દક્ષિણ તરફ 15 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે, 18 km ડ્રાઈવ કરે છે, ત્યારબાદ ડાબો વળાંક લે છે અને 78 km ડ્રાઈવ કરે છે. પછી તે જમણો વળાંક લે છે અને 24 km ડ્રાઈવ કરે છે. ત્યારબાદ જમણો વળાંક લે છે અને 63 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે અને 30 km ડ્રાઈવ કરે છે અને બિંદુ Z પર અટકે છે. તો બિંદુ Y પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી)ના વળાંકો છે, સિવાય કે ઉલ્લેખ કરવામાં આવે.)

Ans
✗ 1. 84 km પશ્ચિમ તરફ
✗ 2. 80 km પૂર્વ તરફ
✓ 3. 72 km પશ્ચિમ તરફ
✗ 4. 78 km પૂર્વ તરફ

**Q.137** **F, G, H, I, T, U અને V એક વર્તુળાકાર ટેબલના કેન્દ્ર તરફ મોં કરીને તેની ફરતે બેસે છે. G એ H ની તરત ડાબી બાજુએ અને I ની તરત જમણી બાજુએ બેસે છે. I અને T ની વચ્ચે ફક્ત એક વ્યક્તિ બેસે છે. F એ T ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે. V એ I ની તરત બાજુમાં બેસતો નથી. U ની તરત ડાબી બાજુએ કોણ બેસે છે?**

**Ans**
✔ 1. T
✘ 2. V
✘ 3. I
✘ 4. F

**Q.138** **નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.**

**(ડાબી બાજુ) I X W X J S K H U D I Q P R Y Z D S K S J K I T E Y (જમણી બાજુ)**

**એવા કેટલા સ્વરો છે, કે જે દરેકની તરત જ પહેલા એક વ્યંજન આવે છે અને તરત જ પછી એક વ્યંજન પણ આવે છે?**

**Ans**
✔ 1. ચાર
✘ 2. બે
✘ 3. એક
✘ 4. ત્રણ

**Q.139** **નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને શું આવવું જોઈએ?**

**1450, 1550, 1650, 1750, ?, 1950, 2050**

**Ans**
✘ 1. 1900
✘ 2. 2000
✔ 3. 1850
✘ 4. 1800

**Q.140** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**
**એક પરિવારમાં 5 લોકો, C, D, F, H અને K છે. H એ D સાથે કઈ રીતે સંબંધિત છે?**
**(I) C એ D નો ભાઈ છે. F એ C ના માતા છે. K એ C ના પિતા છે.**
**(II) D એ K ની પુત્રી છે. H એ K નો પુત્ર છે. F એ D ના માતા છે.**

**Ans**
✘ 1. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✔ 2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

**Q.141** **નીચેના શબ્દોની તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવણીને દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.**
**વૃક્ષ**
**બીજ**
**છોડ**

**Ans**
✘ 1. 1,2,3
✘ 2. 3,2,1
✔ 3. 2,3,1
✘ 4. 1,3,2

Q.142 નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને ત્યારબાદ આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી માત્ર ડાબી બાજુથી જમણી બાજુ જ કરવાની છે.
(ડાબી બાજુ) X U I K U A O H W U O X C B J O T X K E O G K F G U A (જમણી બાજુ)
તો એવા કેટલા સ્વરો છે, જે દરેકની તરત જ પહેલાં એક વ્યંજન આવે છે અને તરત જ પછી એક સ્વર પણ આવે છે?

Ans
1. ત્રણ
2. બે
3. પાંચ
4. ચાર

Q.143 VINTAGE શબ્દના તમામ અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા નવા અક્ષર-સમૂહમાં, ડાબી બાજુથી ચોથા સ્થાને આવતા અક્ષર અને જમણી બાજુથી ત્રીજા સ્થાને આવતા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો છે?

Ans
1. બે
2. ત્રણ
3. ચાર
4. એક

Q.144 એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
D + E નો અર્થ થાય છે કે 'D એ E ની પુત્રી છે'
D - E નો અર્થ થાય છે કે 'D એ E ની બહેન છે'
D × E નો અર્થ થાય છે કે 'D એ E નો પિતા છે'
D ÷ E નો અર્થ થાય છે કે 'D એ E નો ભાઈ છે'

ઉપરોક્ત માહિતીના આધારે, જો X + R - K - H ÷ N' હોય, તો X એ N સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
1. બહેન
2. ભાઈની પુત્રી
3. પુત્રી
4. બહેનની પુત્રી

Q.145 નીચે આપેલી સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે. બધી સંખ્યાઓ ફક્ત એક અંકની સંખ્યાઓ છે.
(ડાબી બાજુ) 1 4 @ % 9 # 2 & * 7 5 £ 8 ^ (જમણી બાજુ)
એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલા એક અંક આવે છે અને તરત જ પછી પણ એક અંક આવે છે?

Ans
1. એક
2. કોઈપણ નહીં
3. બે કરતાં વધુ
4. બે

Q.146 નીચે આપેલી અક્ષર શ્રેણીને ધ્યાનમાં લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ડાબેથી જમણે જ કરવાની છે.

(ડાબી બાજુ) R E A H E H E A U D G D O I B U G D A X U Y N R M W (જમણી બાજુ)

એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલાં એક સ્વર આવે છે અને તરત જ પછી પણ એક સ્વર આવે છે?

Ans
1. ચાર
2. ત્રણ
3. એકપણ નહીં
4. બે

Q.147 આ પ્રશ્નમાં, નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોના સમૂહને અક્ષર કોડ અને તેની નીચે આપેલી શરતોને આધારે કોડબદ્ધ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરીને બનતો સાચો કોડ એ તમારો જવાબ હશે. જો કોઈપણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યાઓ/પ્રતીકોના કોડનો સીધો ઉપયોગ કરવો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સંખ્યા/પ્રતીક | @ | 5 | & | 7 | 3 | ! | $ | + | # | 2 |
| કોડ | P | H | V | T | K | M | R | D | F | Q |

શરતો:
(i) જો પ્રથમ ઘટક કોઈ પ્રતીક હોય અને છેલ્લો ઘટક કોઈ સંખ્યા હોય, તો આ બંને ઘટકોના કોડની પરસ્પર અદલાબદલી કરવી.
(ii) જો પ્રથમ ઘટક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક બેકી સંખ્યા હોય, તો તે બંને ઘટકોના કોડના સ્થાને © મૂકવો.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકના કોડ તરીકે બીજા ઘટકનો કોડ જ મૂકવો.

નીચે આપેલા સમૂહ માટે સાચો કોડ કયો થશે?
# 3 & 7 2

Ans
❌ 1. F K K Q T
✅ 2. Q K V T F
❌ 3. F K V T Q
❌ 4. Q V V T F

Q.148 CF 7 એ અમુક ચોક્કસ તર્કને અનુસરીને GH 12 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, JM 9 એ NO 14 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને BH 11 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?

Ans
❌ 1. FJ 15
❌ 2. FK 16
✅ 3. FJ 16
❌ 4. EJ 16

Q.149 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને શું આવવું જોઈએ?
GUJ LZO QET VJY AOD ?

Ans
❌ 1. GTI
❌ 2. ETI
❌ 3. FTH
✅ 4. FTI

Q.150 સંખ્યાઓના બે સેટ નીચે આપવામાં આવ્યા છે. દરેક સંખ્યાના સેટમાં, પ્રથમ સંખ્યા પર અમુક ચોક્કસ ગાણિતિક ક્રિયા (ઓપરેશન્સ) કરીને બીજી સંખ્યા મેળવવામાં આવે છે, એ જ પ્રમાણે, બીજી સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયા કરીને ત્રીજી સંખ્યા મેળવવામાં આવે છે અને આ ક્રિયાને છેલ્લી સંખ્યા મળતા સુધી દોહરાવવામાં આવે છે. આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ નીચે આપેલા સેટની સમાન ક્રિયાઓનું અનુસરણ કરે છે?

(નોંધ – બે/ ત્રણ અંકોની સંખ્યાને ઓપરેશન્સ માટે વ્યક્તિગત અંકોમાં છૂટી પાડી શકાતી નથી. દા. ત. જો 37 પછી 10 આવે, તો ઓપરેશન 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકોની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં છૂટી પાડવાની નથી.)

32 - 23 - 138 - 148
39 - 30 - 180 - 190

Ans
❌ 1. 33 - 24 - 192 - 205
❌ 2. 5 - -3 - -15 - -1
❌ 3. 33 - 23 - 138 - 151
✅ 4. 8 - -1 - -6 - 4

"